## ચાઇનીઝ જોડિયા બહેનોનું બેઇજિંગમાં આરંગેત્રમ



ચાઇનીઝ જોડિયા બહેનો, જિન યાનશુ અને જિન યાનઇએ આરંગેત્રમ - એક પરંપરાગત ભરતનાટ્યમ ગ્રેજ્યુએશન સમારોહ - રજૂ કર્યો હતો અને પ્રાચીન ભારતીય શાસ્ત્રીય નૃત્ય શૈલીના પોતાના અદ્ભુત પરફોર્મન્સથી બેઇજિંગમાં પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ જોડિયા બહેનોએ શનિવારે ભારતીય રાજદૂત વિક્રમ દોરાઇસ્વામી અને તેમનાં પત્ની સંગીતા દોરાઇસ્વામીની અધ્યક્ષતામાં યોજાયેલા એક વિશાળ સમારોહમાં પોતાનું આરંગેત્રમ રજૂ કર્યું હતું.

## એનએસએ ડોભાલ આજે ચીનની મુલાકાતે જશે

બેઇજિંગ, તા. 23 (PTI): રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલ ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે સીમા વિવાદ અંગેના ભારત-ચીન વિશેષ પ્રતિનિધિ વાર્તાલાપમાં ભાગ લેવા માટે સોમવારે બેઇજિંગ પહોંચવાના છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ડોભાલ અને વાંગ મંગળવારે 25મા રાઉન્ડનો એસઆર વાર્તાલાપ યોજવાના છે.

ડોભાલ અને વાંગ બંને સીમા વાર્તાલાપ તંત્ર માટે નિયુક્ત વિશેષ પ્રતિનિધિઓ છે. આ તંત્રની સ્થાપના 2003માં ભારત-ચીન વચ્ચેની 3,488 કિમી લાંબી સરહદ પર ફેલાયેલા જટિલ સીમા વિવાદનો સમગ્ર ઉકેલ લાવવા માટે કરવામાં આવી હતી.

## ન્યૂયોર્કમાં ભારતીય નાગરિકની ગોળી મારીને હત્યા કરી

ન્યૂયોર્ક, તા. 23 (PTI) એક મીડિયા અહેવાલ અનુસાર, ન્યૂયોર્ક સિટીમાં બોલાચાલી બાદ એક અજાણ્યા શખસે 27 વર્ષીય ભારતીય નાગરિકની ગોળી મારીને હત્યા કરી નાખી હતી. ક્વીન્સના રહેવાસી ગુરદીપ સિંહને શુક્રવારે રાત્રે સ્થાનિક સમય મુજબ આશરે 10 વાગ્યે ઈસ્ટ ન્યૂયોર્ક વિસ્તારના સ્ટેનલી એવન્યુ નજીક ગોળી મારવામાં આવી હતી. ઘટના બાદ શંકાસ્પદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

## પાકિસ્તાની આર્મી ચીફ અસીમ મુનીર આજે તેહરાન જશે

ઇસ્લામાબાદ, તા. 23 (પીટીઆઇ) પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર દ્વિપક્ષીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સોમવારે તેહરાનની મુલાકાત લેશે. એમ ઈરાનના વિદેશ મંત્રાલયે રવિવારે જાહેરાત કરી હતી. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ઈસ્લામાબાદ અટકેલી અમેરિકા-ઈરાન શાંતિ વાટાઘાટોમાં પોતાના મધ્યસ્થતાના પ્રયાસોને પુનર્જીવિત કરવા માટે સક્રિયપણે પ્રયાસ કરી રહ્યું છે. એક વચગાળાની શાંતિ સમજૂતી, જેના પર પાકિસ્તાને ગેરંટર તરીકે હસ્તાક્ષર કર્યા હતા, તે ગયા મહિને પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન દ્વારા ફરીથી સૈન્ય હુમલા શરૂ થતાં તણાવ વધવાને કારણે પાટા પરથી ઊતરી ગઈ હતી.

## કાશ્મીરના કઠુઆમાં શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યું

જમ્મુ, તા. ૨૩ (પીટીઆઇ) જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ (આઇબી) નજીક રવિવારે એક શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોન જોવા મળતાં વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે ૧૦.૩૫ વાગ્યાની આસપાસ હીરાનગર સેક્ટરના બોબિયાં વિસ્તારના સરહદી ગામો ઉપર એક ડ્રોન જેવી વસ્તુ ઉડતી જોવા મળી હતી.

## સીજેપી આજે કેન્દ્રનાં આશ્વાસનોની સ્થિતિની સમીક્ષા કરશે

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઇ) 25 જુલાઈના રોજ પોતાના દેશવ્યાપી આંદોલનને પાછું ખેંચ્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલાં આશ્વાસનોને પૂર્ણ કરવા માટે લેવાયેલા પગલાં અંગે સરકારે હજી સુધી કોઈ ઔપચારિક જાણકારી આપી નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) સોમવારે પોતાની રાષ્ટ્રીય કારોબારી સમિતિની બેઠક યોજીને આ આશ્વાસનોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરશે.

# કિશોરની આત્મહત્યા માટે આઈફોન જ નહીં કૌટુંબિક વિખવાદ પણ જવાબદાર

**છ** વર્ષ પહેલા મોટા પુત્રના મૃત્યુ પછી પરિવારમાં ચાલતા વિખવાદથી એક વર્ષ પહેલા પણ કિશોરે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો

**મહારાષ્ટ્રના** પરિવારની આત્મહત્યા પહેલા, માતાએ પરિવાર પર ત્રાસ ગુજારવાનો આરોપ લગાવતો વીડિયો પોસ્ટ કર્યો હતો

છત્રપતિ સંભાજીનગર તા. ૨૩ : અહીંના તીસગાંવ વિસ્તારમાં ખડક પરથી કૂદીને આત્મહત્યા કરનાર 19 વર્ષીય કુણાલ ચાંડગુડે એક વર્ષ પહેલા આ જ સ્થળેથી આત્મહત્યાનો પ્રયાસ કરી ચૂક્યો હતો અને તેની પાછળ તેના મોટા ભાઈના મૃત્યુ પછી થયેલા કૌટુંબિક વિખવાદ અને તેના માતાપિતા વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોએ તેમાં ભાગ ભજવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. શુક્રવારે નવા આઈફોન અંગેનો વિવાદમાં એક કિશોરે ટેકરી પરથી કૂદીને આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેના પિતા પણ તેને રોકવાના પ્રયાસમાં ટેકરી પરથી પડતા તેમના મોત થયા હતા અને તે પછી કિશોરની માતાએ પણ ટેકરી પરથી ઝંપલાવી આત્મહત્યા કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, છ વર્ષ પહેલાં એક બીમારીને કારણે દંપતીના મોટા પુત્રનું મૃત્યુ થયા પછી કૌટુંબિક વિખવાદ શરૂ થયો હતો. ડ્રાઈવર તરીકે કામ કરતા પિતા કામમાં ડૂબી ગયા. અહેવાલ મુજબ, તેઓ સતત ઘણા મહિનાઓ સુધી ઘરે આવતા નહોતા. આત્મહત્યાના બે દિવસ પહેલા, તેઓ ઘરે પાછો ફર્યા અને ફરીથી ઝઘડા શરૂ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે કુણાલે આઈફોન ખરીદ્યો હતો પરંતુ તે તેના હપ્તા ચૂકવી શક્યો ન હતો. આ બાબતે તેની અને તેના પિતા વચ્ચે દલીલ થઈ, અને તે પછી આત્મહત્યાનો ઘટનાક્રમ સર્જાયો હતો. તેની માતા સંગીતા ચાંદગુડેની સોશિયલ મીડિયા પોસ્ટ્સ પણ પરિવારમાં તણાવનો સંકેત આપે છે. તેણીની યુટ્યુબ ચેનલ હતી જેના 29,000 થી વધુ સબ્સ્ક્રાઈબર્સ હતા. તેણે તાજેતરમાં જ પોસ્ટ કરેલા એક વીડિયોમાં તે કહે છે કે તમે મારા અને મારા પુત્રનો મિલકત પરનો અધિકાર છીનવી લીધો. તમે ક્યારેય ભાઈઓ અને માતાપિતાને એક થવા દીધા નહીં. તમે મારા સુખી પરિવારનો નાશ કર્યો. જો કે તે કોના માટે આ કહી રહી છે તેની પોલીસે હવે તપાસ શરૂ કરી છે.

# બાંગ્લાદેશમાં બંધ ઘરમાંથી નિવૃત્ત હિન્દુ શિક્ષકનો પરિવાર મૃત હાલતમાં મળ્યો

**પરિવારના** ચારેય સભ્યોનું ગળું દબાવીને હત્યા થઇ હોવાની શંકા, બે પિતરાઇ ભાઇને અટકાયતમાં લેવાયા

**નિવૃત્ત** શિક્ષકનો મૃતદેહ છત પરથી તો પત્ની અને પુત્રી સીડી પરથી અને પુત્રનો મૃતદેહ પલંગ નીચેથી મળ્યો



રંગપુર, તા. 23 : રંગપુર શહેરમાં શનિવારે મોડી રાત્રે એક નિવૃત્ત શિક્ષક, તેમની પત્ની, પુત્રી અને 12 વર્ષનો પુત્ર તેમના બંધ ઘરની અંદર મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસને શંકા છે કે પરિવારનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોઈ શકે છે. પોલીસે આ મામલે નિવૃત્ત શિક્ષકના બે પિતરાઈ ભાઈની અટકાયત કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, બે યુવાનો તેમના ઘરની છત પર બેઠા હતા અને માદક દ્રવ્ય યાબા પી રહ્યા હતા. પરિવારે તેમને જોયા અને તેમને રોકવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ તેઓએ પરિવારની હત્યા કરી હોવાનું માનવામાં આવે છે.

રંગપુર મેટ્રોપોલિટન કોતવાલી પોલીસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જ નાઝમુલ કાદરના જણાવ્યા અનુસાર, રાત્રે લગભગ 11.30 વાગ્યે મૃતદેહો કબજે કરવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ રંગપુર જિલ્લા શાળાના 65 વર્ષીય નિવૃત્ત શિક્ષક ગણપતિ ચક્રવર્તી, તેમના 50 વર્ષીય પત્ની પ્રીતિલતા ચક્રવર્તી, તેમની 23 વર્ષીય પુત્રી આગામી ચક્રવર્તી પ્રાથી અને 12 વર્ષીય પુત્ર પ્રિયમ ચક્રવર્તી તરીકે થઈ છે. પ્રીતિલતા અને આગામીના મૃતદેહ સીડી પરથી મળી આવ્યા હતા, જ્યારે ગણપતિનો મૃતદેહ છત પરથી મળી આવ્યો હતો. પ્રિયમનો મૃતદેહ પલંગ નીચેથી મળી આવ્યો હતો.

ચૌધરીએ જણાવ્યું હતું કે, "પ્રારંભિક તપાસમાં અમને શંકા છે કે તેમનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી." ચૌધરીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ હત્યાઓ ગુરુવાર મધ્યરાત્રિથી શુક્રવાર વહેલી સવારની વચ્ચે કોઈ સમયે થઈ હોઈ શકે છે.

પોલીસે આ હત્યાના સિલસિલામાં તેના બે પિતરાઈ મુગ્ધો અને સિદ્ધાર્થ ની અટકાયત કરી છે.

પોલીસે જણાવ્યું હતું કે, આ શંકાસ્પદોને તેમના ઘરની છત પર યાબા નામનો ગેરકાયદેસર અને અત્યંત નશાકારક સિન્થેટિક ડ્રગ્સ લેવા સામે પરિવાર દ્વારા વિરોધ કરવામાં આવ્યા બાદ તેમને ટાર્ગેટ કરવામાં આવ્યા હોઈ શકે છે. આ બે પિતતરાઈ કથિત રીતે પાડોશી મકાન દ્વારા ગણપતિ ચક્રવર્તીના ઘરની છત પર પ્રવેશ્યા હતા અને ત્યાં યાબાનો નશો કર્યો હતો.

# અમેરિકાના નેવાડામાં ભયંકર દાવાનળ : હજારોનું સ્થળાંતર

**શનિવારે** શરૂ થયેલી જંગલની આગ રવિવાર વહેલી સવાર સુધીમાં તો દસ હજાર એકર વિસ્તારમાં ફેલાઇ ગઇ

**૧૪૦૦૦** ઘરો તાત્કાલિક ખાલી કરવા આદેશો, હાઇવેના કેટલાક ભાગો બંધ કરી દેવાયા



રેનો (અમેરિકા), તા. ૨૩(એપી): સિએરા ટેકરીઓમાંથી ઝડપથી ફેલાયેલી 'હોક ફાયર' રવિવારે વહેલી સવારે રેનો શહેરના મધ્ય ભાગ તરફ આગળ વધી હતી, જે વધીને ૧૦,૫૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાઈ ગઈ છે. લગભગ ૧૪,૦૦૦ ઘરોને તાત્કાલિક ખાલી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા, અને GO NOW(તુરંત નીકળો) ઝોન યુનિવર્સિટી ઓફ નેવાડા કેમ્પસની સરહદ સુધી પહોંચી ગયો હતો.

વોશો કાઉન્ટી, નેવાડાના આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓએ વિસ્થાપિતો માટે 'રેનો-સ્પાર્ક્સ કન્વેન્શન સેન્ટર' ખુલ્લું મુક્યું હતું, પરંતુ તેમણે જણાવ્યું હતું કે લોકો પોતાના પાલતુ પ્રાણીઓને સાથે લાવી શકશે નહીં -- નાના અને મોટા પ્રાણીઓને અન્ય બે અલગ સ્થળોએ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગવર્નર જો લોમ્બાર્ડોએ વોશો કાઉન્ટીમાં કટોકટી જાહેર કરી હતી અને બે હેલિકોપ્ટર ક્રૂ સાથે નેવાડા નેશનલ ગાર્ડને હવાઈ અગ્નિશમન કામગીરી માટે તેમજ ખાલી કરાવાયેલા વિસ્તારોમાં પોલીસને મદદરૂપ થવા માટે ૬૦ જવાનોને તૈનાત કર્યા હતા.

# માલદીવમાં ભારતની સહાયવાળા ઈન્ફ્રા પ્રોજેક્ટમાં મોટી પ્રગતિ

**માલદીવની** રાજધાની માલેની વિલિંગિલી ટાપુ સાથે જોડતો પુલનો અંતિમ બ્રીજ સેગમેન્ટ ગોઠવી દેવાયો

**માલદીવના** ત્રણ ટાપુઓને જોડતા કનેક્ટિવિટી પ્રોજેક્ટ માટે ભારતે ગ્રાન્ટ અને ધિરાણ આપ્યા છે

માલે, તા. ૨૩(PTI): માલદીવની રાજધાની માલેને વિલિંગિલી દ્વીપ સાથે જોડતો અંતિમ બ્રિજ સેગમેન્ટ વિધિવત રીતે ગોઠવી દેવામાં આવ્યો છે. આ સાથે જ ભારતના ભંડોળવાળા કનેક્ટિવિટી પ્રોજેક્ટમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ(GMCP) હેઠળ, રાજધાની માલેને નજીકના વિલિંગિલી, ગુલ્હીફાલ્હુ અને થિલાફુશી ટાપુઓ સાથે જોડવા માટે ૬.૭૪ કિલોમીટર લાંબો પૂલ અને કોઝવે લિંક બનાવવામાં આવશે. વર્ષ ૨૦૨૧માં, ભારત દ્વારા ભંડોળ પુરુ પાડવામાં આવેલ આ કનેક્ટિવિટી પ્રોજેક્ટના અમલીકરણ માટે માલદીવ અને ભારત વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. માલદીવ સ્થિત ભારતીય દૂતાવાસે શનિવારે 'X' પર પોસ્ટ કર્યું હતું કે, ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ માટે એક મોટી સિદ્ધિ! માલેને વિલિંગિલી સાથે જોડતો અંતિમ બ્રિજ સેગમેન્ટ સત્તાવાર રીતે ગોઠવી દેવાયો છે - જે ટાપુઓ વચ્ચે સીમલેસ કનેક્ટિવિટી લાવવાની દિશામાં એક ડગલું વધુ નજીક લઈ જાય છે.

'થિલામાલે બ્રિજ' તરીકે પણ ઓળખાતો GMCP પ્રોજેક્ટ ભારત તરફથી ૧૦૦ મિલિયન ગ્રાન્ટ અને ૪૦૦ મિલિયન ડોલરની 'લાઈન ઓફ ક્રેડિટ' હેઠળ ભંડોળ અપાયેલ છે, જે માલદીવનો સૌથી મોટો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે.

# ચીને પોતાનું 'ચાંગ'ઈ-7' ચંદ્ર મિશન અચાનક મુલતવી કરી દીધું

**આ** મિશન લોન્ચિંગ માટેની શરતો પૂર્ણ કરતું નથી, આ વર્ષેની નક્કી સમયસીમામાં યોજી શકાય તેમ નથી: ચીની અવકાશ સંસ્થાનો ખુલાસો

હાઈકાઉ(ચીન), તા. 23(AP): ચીને રવિવારે જાહેરાત કરી હતી કે તેણે તેનું મહત્વાકાંક્ષી 'ચાંગ'ઈ-7' લૂનાર મિશન સ્થગિત કરી દીધું છે. આ મિશનનો હેતુ ચંદ્ર પર પાણીના બરફની શોધ સહિતના સંશોધનો કરવાનો હતો.

ચાંગ'ઈ-7 સ્પેસક્રાફ્ટ ચીનના દક્ષિણ હૈનાન દ્વીપ પર આવેલા વેનચાંગ સ્પેસ લોન્ચ સાઇટ પરથી આગામી દિવસોમાં લોન્ચ થવાનું હતું. ચીન મેન્ડ સ્પેસ એજન્સીએ એક ટૂંકા નિવેદનમાં જણાવ્યું હતું કે આ મિશન લોન્ચિંગ માટેની શરતો પૂર્ણ કરતું નથી અને આ વર્ષે નક્કી કરેલી સમયસીમા દરમિયાન યોજી શકાય તેમ નથી. એજન્સીએ વધુમાં ઉમેર્યું કે આ નિર્ણય સમગ્ર આકારણી બાદ લેવામાં આવ્યો છે અને તે સાવચેતી, વિશ્વસનીયતા અને મિશનની સંપૂર્ણ સફળતાના સિદ્ધાંતો પર આધારિત હતો. જો કે, તેણે આ નિર્ણય પાછળના કારણો વિશે વધુ સ્પષ્ટતા કરી નહોતી.

ચાંગ'ઈ મૂન એક્સપ્લોરેશન પ્રોગ્રામ હેઠળના આ સાતમા મિશન 'ચાંગ'ઈ-7' માટે છેલ્લા કેટલાક સપ્તાહોથી વેનચાંગ લોન્ચ સાઈટ પર તૈયારીઓ ચાલી રહી હતી. સત્તાવાર ન્યૂઝ એજન્સી 'સિન્હુઆ'ના અગાઉના અહેવાલ મુજબ, આ મિશનનો હેતુ મુખ્ય ટેકનોલોજીના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સિદ્ધિઓ મેળવવાનો હતો. સિન્હુઆના અહેવાલમાં સ્પેસ એજન્સીને ટાંકીને જણાવવામાં આવ્યું હતું કે, આ મિશન ચંદ્ર પર કાયમી ધોરણે અંધકારમાં રહેતા ખાડાઓનું સંશોધન કરવા અને ચંદ્રના દક્ષિણ ધ્રુવના પર્યાવરણ તથા સંસાધનોનું સર્વેક્ષણ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. 'ચાંગ'ઈ' નામ ચીનની ચંદ્ર દેવી પરથી રાખવામાં આવ્યું છે.

# પાકિસ્તાનનાં ઘણાં મોટા શહેરોમાં 12-12 કલાક પાવર કટથી લોકો ત્રસ્ત

**કરાચીમાં** વિજકાપથી ત્રસ્ત થઇ રસ્તા પર ઉતરેલા લોકોનેને કારણે કલાકો સુધી ટ્રાફિક જામ

**લોકો** વીજચોરી કરી રહ્યા છે અને બિલ પણ ભરતા નથી, અબજો રૂપિયાનું બિલ બાકી: વીજ કંપની



ઈસ્લામાબાદ, તા. 23 : પાકિસ્તાનના ઈસ્લામાબાદ, રાવલપિંડી અને કરાચી જેવાં મોટાં શહેરો વીજકાપથી પરેશાન છે. સૌથી ખરાબ હાલત કરાચીમાં છે, જ્યાં 12-12 કલાક પાવર કાપ થઈ રહ્યો છે. કરાચીમાં વીજકાપ સામે શનિવારે લોકોએ પ્રદર્શન કર્યું, અનેક કલાકો સુધી રસ્તાઓ જામ રાખ્યા હતા. આ પ્રદર્શનથી શહેરમાં ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો અને હજારો લોકો જામમાં ફસાયા હતા. ડોન અનુસાર, લોકોએ જણાવ્યું કે તેમને રોજ 12-12 કલાક કે તેનાથી વધુ પાવર કટનો સામનો કરવો પડી રહ્યો છે.

ઘણી વખત કાપ અંગે માહિતી પણ આપવામાં આવતી નથી. વીજળી ન હોવાથી પમ્પિંગ સ્ટેશનો બંધ રહે છે. તેનાથી પાણીનો પુરવઠો પણ અટકી રહ્યો છે.

આ સમસ્યાને લઈને કરાચીના વેપારીઓ અને વીજ કંપની કે-ઈલેક્ટ્રિક (કેઈ)ના કર્મચારીઓ વચ્ચે વિવાદ અને ઝડપ થઈ. પ્રદર્શનમાં સામેલ વેપારીઓએ કહ્યું- વીજળીનો પુરવઠો ન મળવાથી કારોબારને મોટું નુકસાન થઈ રહ્યું છે.

પ્રદર્શન અને જામની પણ લોકો પર ખરાબ અસર પડી. એક મહિલાએ જણાવ્યું કે તેમની માતાને તાવ હતો અને તેઓ માતાને તપાસ માટે ક્લિનિક લઈ જઈ રહ્યા હતા, પરંતુ તેમની એમ્બ્યુલન્સ આશરે 2 કલાક સુધી જામમાં ફસાયેલી રહી.

# કેરલમના ગુરુવાયુર મંદિરમાં સાત કલાકમાં રેકોર્ડ 416 લગ્ન થયાં

**મલયાલમ** મહિના ચિંગમના પહેલો રવિવાર લગ્ન માટે શુભ મનાતો હોવાથી મોટી સંખ્યામાં લગ્નો યોજાયા

**2024માં** થયેલા 334 લગ્નોનો રેકોર્ડ આજના 416 લગ્નથી તૂટ્યો



ગુરુવાયુર (કેરલમ્), તા. 23 (PTI) પ્રખ્યાત ગુરુવાયુર શ્રી કૃષ્ણ મંદિરમાં રવિવારે સાત કલાકમાં રેકોર્ડ 416 લગ્ન થયાં હતાં, જે એક જ દિવસમાં મંદિરમાં યોજાયેલાં લગ્નોની સૌથી વધુ સંખ્યા છે. ગુરુવાયુરમાં મલયાલમ મહિના ચિંગમના પહેલા રવિવારને લગ્ન માટે શુભ માનવામાં આવે છે, જેના પરિણામે આ દિવસે મોટી સંખ્યામાં લગ્નો યોજાયાં હતાં. રવિવારે 8 સપ્ટેમ્બર, 2024ના રોજ યોજાયેલાં 334 લગ્નોનો અગાઉનો રેકોર્ડ તૂટી ગયો હતો.

# જાપાનમાં મધ્યમ તીવ્રતાનો ભૂકંપ: ટોકિયો પ્રદેશમાં 37ને ઈજા

**મોટા** નુકસાનના અહેવાલ નહીં, અણુ વિદ્યુત મથકો સલામત

ટોક્યો, તા. ૨૩(AP): રવિવારે વહેલી સવારે પૂર્વ જાપાનમાં ટોક્યો વિસ્તાર સહિતના ભાગોમાં મધ્યમ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૩૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી મોટાભાગનાને સામાન્ય ઈજા થઈ હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. સુનામીનો કોઈ જ ભય નથી.

જાપાન મીટીરોલોજીકલ એજન્સીના જણાવ્યા અનુસાર, ભૂકંપની પ્રાથમિક તીવ્રતા ૫.૯ નોંધાઈ હતી અને તેનું કેન્દ્રબિંદુ દક્ષિણ ઈબારાકી પ્રીફેક્ચરમાં ૭૦ કિલોમીટરની ઊંડાઈએ હતું.

## પેજ 3

### રક્ષા બંધન સંબંધિત જ્વેલરી બ્રાન્ડની જાહેરાતમાં કૃતિ સેનનના ' અતિ મોર્ડન ' ડ્રેસથી વિવાદ



કૃતિ સેનનની રક્ષાબંધન સંબંધિત એક જાહેરાતમાં તેણે પહેરેલા અતિ મોર્ડન ડ્રેસે વિવાદ ઉભો કર્યો છે અને તેને પગલે સોશિયલ મીડિયા પર લોકો દ્વારા તેની ટીકા કરવામાં આવી રહી છે. જ્વેલરી બ્રાન્ડની આ જાહેરાતમાં કૃતિ ઓફ-વ્હાઇટ બ્રેલેટ-સ્ટાઇલ બ્લાઉઝમાં રાખડી બાંધતી જોવા મળે છે. એક મહિલા યૂઝર્સે લખ્યું હતું કે પહેલી વાર કોઈ સ્ત્રીને બ્રા પહેરીને તેના ભાઈને રાખડી બાંધતી જોઈ રહી છું, જ્યારે અન્ય એકે લખ્યું હતું કે કૃતિ સેનન બ્રા જેવા પોશાકમાં રાખડી બાંધી રહી છે. નગ્નતા પહેલા આટલી સામાન્ય નહોતી.. અન્ય એકે તેને હિન્દુઓના અપમાન સાથે જોડતા લખ્યું હતું કે કૃતિ બ્રા પહેરીને તેના ભાઈને રાખડી બાંધે છે. તમે તેને ઈદ કે નાતાલની મજાક ઉડાવતા આવી રીતે કદી નહીં જોઇ હોય.

### 'ટોક્સિક'ની ઇવેન્ટમાં અકસ્માત! સ્પીકર સ્ટેન્ડ તૂટી પડતાં ચાર ચાહકો ઘાયલ



હૈદરાબાદ, તા. 23 : યશની ફિલ્મ 'ટોક્સિક'ની રિલીઝ પહેલાં એક ઇવેન્ટમાં અકસ્માત થઈ ગયો છે. ઇવેન્ટ દરમિયાન સ્પીકરનું એક સ્ટેન્ડ તૂટી પડ્યું હતું, જેનાથી ચાર ચાહકો ઘાયલ થઈ ગયા હતા. સાઇબરાબાદ પોલીસે 'ટોક્સિક' ફિલ્મની પ્રી-રિલીઝ ઇવેન્ટમાં થયેલા અકસ્માતમાં ઇવેન્ટના વેન્યૂ અને ઇવેન્ટ મેનેજર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. શનિવારે ઇવેન્ટ દરમિયાન સ્પીકરનું એક સ્ટેન્ડ તૂટી પડ્યું હતું, જેના પર કેટલાક લોકો ચડેલા હતા. જ્યારે આ ઘટના બની ત્યારે ફિલ્મના લીડ એક્ટર યશ મંચ પર હાજર હતા. પોલીસે જણાવ્યું કે, એક સ્ટુડન્ટ સહિત ચાર લોકો ઘાયલ થયા છે, જ્યારે પ્રી-રિલીઝ ઇવેન્ટ દરમિયાન સાઉન્ડ બોક્સ-સિસ્ટમ પડી ગયું હતું. આ ઇવેન્ટ શનિવાર રાતે મેડચલમાં મલ્લા રેડ્ડી યુનિવર્સિટી નામની એક પ્રાઇવેટ યુનિવર્સિટીમાં આયોજિત કરવામાં આવી રહી હતી.

### જો નિકમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર ન હોત તો તેની સાથે પ્રેમ થયો જ ન હોત : પ્રિયંકા ચોપરા



મુંબઈ, તા. 23 : અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ કહ્યું છે કે, જો ગાયક-અભિનેતા નિક જોનાસે તેની સંસ્કૃતિનો આદર ન કર્યો હોત તો તે તેને પ્રેમ ન કરી શકી હોત. પ્રિયંકાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, બહુભાષી/બહુસંસ્કૃતિ ધરાવતા સંબંધોમાં તમારા જીવનસાથીના મૂળ (પરંપરા) પ્રત્યે આદર હોવો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અભિનેત્રીએ નિક સાથેના તેનાં લગ્ન અને તેમના સંબંધોમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓની ભૂમિકા વિશે વાત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. એક ઇન્ટરવ્યૂમાં પ્રિયંકાએ કહ્યું, "જો તેણે (આદર) ન કર્યો હોત તો મને ખબર નથી કે હું તેને પ્રેમ કરી શકી હોત કે નહીં. બહુસાંસ્કૃતિક હોય તેવા કોઈપણ સંબંધ અથવા વાર્તાનો આ એક મોટો હિસ્સો છે. મને લાગે છે કે તમારા જીવનસાથીના મૂળ પ્રત્યે આદરની લાગણી હોવી ખરેખર ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

### ફેક ન્યૂઝ ફેલાવનારાઓને ગોવિંદાની રૂ. 100 કરોડના માનહાનિના કેસની ધમકી



મુંબઈ, તા. 23 : ગોવિંદાએ પત્ની સુનીતા આહુજા અને પરિવાર સાથે જોડાયેલા બોગસ સમાચારો સામે નોંધ લીધી છે અને નોટિસ જારી કરીને 100 કરોડના માનહાનિના કેસની ચેતવણી આપી છે. ગોવિંદાએ એક જાહેર નોટિસ બહાર પાડીને કન્ટેન્ટ ક્રીએટર્સ, સોશિયલ મીડિયા યુઝર્સ, ડિજિટલ પ્લેટફોર્મ્સ, મીડિયા અને પબ્લિશિંગ હાઉસને તેમના પરિવાર વિરુદ્ધ બોગસ, ભ્રામક અને એઆઈ દ્વારા તૈયાર કરાયેલા કન્ટેન્ટ શેર ન કરવાની ચેતવણી આપી છે. ગોવિંદાની આ નોટિસ સુનીતા આહુજા અને રાખી સાવંત વચ્ચે થયેલી એ વાતચીત વાયરલ થયાના એક દિવસ પછી આવી છે, જેમાં સુનીતાએ દાવો કર્યો હતો કે, તેમણે પોતાની છૂટાછેડાની અરજી એટલા માટે પાછી ખેંચી લીધી કારણ કે તેમને જાણવા મળ્યું હતું કે ગોવિંદા અને અભિનેત્રી કોમલ રાણી સ્વર્ણકાર લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા હતા.

**મહિધરપુરા અર્બન કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.**
"અક્ષય" દાળિયા શેરી, મહિધરપુરા, સુરત-૩ ફોન: ૨૪૨૮૯૨૦

**સભાસદ જોગ**

સોસાયટીના પેટાનિયમ ૨૭ (૪) મુજબ ખાલી પડેલ એક જગ્યા માટે ઉમેદવારી કરવા ઈચ્છનાર તા. ૨૭/૦૮/૨૦૨૬ થી તા. ૨૯/૦૮/૨૦૨૬ સુધીમાં જાહેર રજાના દિવસ સિવાય સોસાયટીના લેવડ-દેવડના સમયમાં ઉમેદવારી પત્રક લઈ જઈ ભરી જવું, ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની તારીખ ૩૧/૦૮/૨૦૨૬ છે.

તા. ૨૪-૦૮-૨૦૨૬ માનદ્ મંત્રી

